ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઑફ ટીચર ઍજ્યુકેશનના સૅન્ટર ઑફ ઍજ્યુકેશન દ્વારા

# બિ દિવસીય કલ્ચરલ ફેસ્ટિવલ ‘રેનેસાં ૨૦૧૯’ યોજાયો







ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશનના સૅન્ટર ઑફ ઍજ્યુકેશન દ્વારા બુધવાર અને ગુરુવાર એમ બે દિવસ કલ્ચરલ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. ‘રેનેસાં ૨૦૧૯’ (પુનઃ જાગૃતિ) શિર્ષક હેઠળ યોજાયેલા આ કલ્ચરલ ફેસ્ટિવલમાં યુનિવર્સિટી અંતર્ગત આવતા ૦૮ જેટલા ડિપાર્ટમેન્ટના કુલ ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

‘રેનેસાં ૨૦૧૯’ નો પ્રારંભ આઈઆઈટીઈના કુલપતિ હર્ષદ પટેલ, સૅન્ટર ઑફ એજ્યુકેશનના પ્રિન્સિપાલ કલ્પેશ પાઠક અને રજિસ્ટ્રાર મધુસુદન મકવાણાની ઉપસ્થિતિમાં યોજાયો હતો. કુલપતિએ તેમના પ્રારંભિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, આઈઆઈટીઈ એ ભવિષ્યના શિક્ષકો બનાવવામાં મોટી ભૂમિકા ભજવે છે, ત્યારે ભવિષ્યના શિક્ષકો કલાના જાણકાર હોય એ અત્યંત જરૂરી છે. આઈઆઈટીઈ વિદ્યાર્થીઓને એક સ્વતંત્ર પ્લેટફોર્મ પૂરું પાડે છે, જેમાં કલાના વિવિધ રંગો ભરી તેમણે પોતાની વૈચારિક દૃષ્ટિ ખીલવવાની રહેશે.

‘રેનેસાં ૨૦૧૯’ના પ્રથમ દિવસે શાસ્ત્રીય સંગીત, વેસ્ટર્ન સોલો, ગ્રુપ સોન્ગ, ક્લે મોડલિંગ અને સ્પોટ ફોટોગ્રાફી તથા બીજા દિવસે નાટ્ય સ્પર્ધા , ડાન્સ, માઈમ જેવી કૃતિઓની રજૂઆત કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે આ બે દિવસ દરમ્યાન યોજાયેલી સ્પર્ધામાં વિજેતા ટીમ તથા સ્પર્ધકો આઈઆઈટીઈ દ્વારા આગામી ૬ઠ્ઠી તથા ૭મી સપ્ટેમ્બર દરમિયાન યોજાઈ રહેલા યુથ ફેસ્ટિવલમાં ભાગ લેવા હકદાર બનશે.

## જન્મદિને વધામણી



ગિરીશભાઈ કે શાહ
મો. ૭૭૭૯૦ ૧૭૬૫૯



દર્શના કમલેશ બેંકર
મો. ૯૯૧૩૧ ૪૩૬૦૦



દેવાંશ કલ્પેશ બાલપાંડે

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોનો વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસો એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

જન્માષ્ટમી પર્વ નિમિત્તે શનિવારે

## લીટલ મિલેનીયમ સ્કૂલ દ્વારા શ્રીકૃષ્ણ બાળલીલા પ્રદર્શન

ગાંધીનગર, તા. ૨૨

જન્માષ્ટમી પર્વ નિમિત્તો લીટલ મિલેનીયમ સ્કૂલ, સૅક્ટર-૮ દ્વારા શ્રીકૃષ્ણ બાળલીલાનું પ્રદર્શન યોજવામાં આવ્યું છે. તા. ૨૪ ઑગષ્ટ, ૨૦૧૯ ને શનિવારના રોજ સાંજે ૫.૦૦થી ૭.૦૦ કલાક દરમિયાન પ્રમુખ એડોબ, સુયશ ક્રિષ્ટલની સામે, સરગાસણ ખાતે આ પ્રદર્શન યોજવામાં આવ્યું છે, જે નિહાળવા સૌ નાગરિકોને સ્કૂલ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ડીપીએસમાં સંસ્કૃત પ્રાર્થનાસભા



ગાંધીનગર, તા. ૨૨

સંસ્કૃત સપ્તાહની ઉજવણીના ભાગરૂપે દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરના વિદ્યાર્થીઓએ સંસ્કૃત પ્રાર્થનાસભાનું આયોજન કરીને છાત્ર-દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

સંસ્કૃત પ્રાર્થના, સંસ્કૃત પ્રતિજ્ઞા, સંસ્કૃત સમાચાર, સંસ્કૃત સમૂહગીત, સંસ્કૃત એકલગીતની ભાવવાહી રજૂઆત કરી હતી. સંપૂર્ણ સભાનું આયોજન સંસ્કૃત ભાષામાં જ કરવામાં આવ્યું હતું. સંસ્કૃત ભાષાનું વૈજ્ઞાનિક મહત્ત્વ સમજાવતો સંવાદ પણ વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે શાળાના આચાર્ય અતનુ રથ દ્વારા નૈતિક મૂલ્યોના વિકાસ માટે સંસ્કૃતના અધ્યયનની આવશ્યકતા ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે

## ‘માતૃભાષા શિક્ષણ અને શિક્ષક પ્રશિક્ષણ સાહિત્ય નિર્માણ’ માટેની કાર્યશાળા યોજાઈ



ગાંધીનગર, તા. ૨૨

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે ‘માતૃભાષા શિક્ષણ અને શિક્ષક પ્રશિક્ષણ સાહિત્ય નિર્માણ’ માટેની કાર્યશાળા યોજવામાં આવી હતી.

ગુજરાતનાં વિવિધ સ્થાનો પરથી ગુજરાતી ભાષાના તજ્જ્ઞોને આ કાર્યશાળામાં આમંત્રિત કરવામાં આવ્યા હતા. ગુજરાતી ભાષાના મહત્ત્વ અંગે આસિ. પ્રૉફેસર ડૉ. મીનળબા જાડેજાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. કાર્યશાળાના મુખ્ય સંયોજક આસિ. પ્રૉફેસર ડૉ. નીલેશ પંડ્યાએ કાર્યશાળાના હેતુ અને ભાવિ આયોજન અંગે વિગતે વાત કરી હતી.

કુલપતિ હર્ષદભાઈ શાહે ગુજરાતમાં માતૃભાષા તરીકે ગુજરાતી ભાષાની સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે આપણે ભાવિ પેઢીમાં ભાષા પ્રત્યે પ્રેમ અને સજ્જતા બંનેનું સિંચન કરવું પડશે, જે માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી બાળકો માટે ઉત્તમ પ્રકારનું અધિકૃત સાહિત્ય તૈયાર કરીને સમાજને આપવા ઈચ્છે છે. આ ઉમદા કાર્યમાં સૌને પૂર્ણ શક્તિથી યોગદાન આપવા તેમણે અનુરોધ કર્યો હતો. કાર્યશાળા અંતર્ગત પૂર્વ શાલેય અને પ્રાથમિક કક્ષાના ધોરણ-૧ અને ૨ માટે ગુજરાતી ભાષાનાં અધ્યયન માટે ઉપયોગી સાહિત્ય તૈયાર કરવાની કાર્યયોજના તૈયાર કરવામાં આવી હતી. જૂથકાર્ય, ચર્ચા-વિમર્શના અંતે આગામી સમયમાં આ અધિકૃત, રસપ્રદ અને અધ્યયનપ્રદ સાહિત્યનિર્માણની પ્રક્રિયાને આગળ ધપાવવા વ્યૂહરચના તૈયાર કરવામાં આવી હતી.

## ધમકી અને કેળવણી

મુંબઈથી મારા વડીલ ભાઈની વિધવાને અને બીજા કુટુંબીઓને મળવા સારુ રાજકોટ તથા પોરબંદર જવાનું હતું તેથી ત્યાં ગયો. દક્ષિણાઅફ્રિકામાંસત્યાગ્રહની લડતને અંગે મેં મારો પહેરવેશ ગિરમીટિયા મજૂરને લગતો જેટલો કરી શકાય તેટલો કરી નાખ્યો હતો. વિલાયતમાં પણ ઘરમાં એ જ પોશાક પહેરતો. દેશમાં આવીને મારે કાઠિયાવાડનો પહેરવેશ રાખવો હતો. તે દક્ષિણ આફ્રિકામાં મારી સાથે રાખ્યો હતો. તેથી મુંબઈ હું એ પહેરવેશ થી ઊતરી શક્યો હતો, એટલે કે પહેરણ, અંગરખું, ધોતિયું ને ધોળો ફેંટો.આ બધાં દેશી મિલના જકપડાં બનેલા હતાં. મુંબઈથી કાઠિયાવાડ ત્રીજા વર્ગમાં જ જવાનું હતું. તેમાં ફેંટો ને અંગરખું મને જંજાળરૂપ લાગ્યાં. તેથી માત્ર પહેરણ , ધોતિયું ને આઠ દશ આનાની કાશ્મીરી ટોપી રાખ્યાં. આવો પોશાક પહેરનાર તરીબમાં જ ખપે. આ વેળા વીરમગામ કે વઢવાણમાં મરકીને લીધે ત્રીજા વર્ગમાં ઉતારુઓની તપાસ થતી હતી. મને થોડો તાવ હતો. તપાસ કરનાર અમલદારે, હાથ જોતાં તેને તે ગરમ લાગ્યો તેથી, મને રાજકોટમાં દાક્તરને મળવાનો હુકમ કર્યો ને નામ નોંધ્યું.

૧૫૦ ગાંધીયાત્રા

મુંબઈથી કોઈએ તાર મોકલ્યો હશે, તેથી વઢવાણ સ્ટેશને ત્યાંના પ્રજાસેવક તરીકે પંકાયેલા દરજી મોતીલાલ મળવા આવ્યા હતા, તેમણે મારી પાસે વીરમગામની જકાત તપાસણી અને તેને અંગે થતી વિટંબણાઓની વાત કરી. હું તાવથી પીડાતો હતો તેથી વાતો કરવાની ઈછાતો થોડી જ હતી. મેં તેમને ટૂંકમાં જ જવાબ દીધોઃ

‘તમે જેલ જવા તૈયાર છો?‘

વગર વિચાર્યે ઉત્સાહમાં જવાબ દેનારા ઘણા જુવાનો જેવા જ મેં મોતીલાલને માન્યા હતા. પણ તેમણે બહુ દ્રઢતા પૂર્વક જવાબ દીધોઃ

‘અમે જરૂર જેલમાં જશું પણ તમારે મને દોરવા જોઈશે. કાઠિયાવાડી તરીકે તમાઅરી ઉપર અમારો પહેલો હક છે. અત્યારે તો અમે તમને ન રોકી શકીએ, પણ વળતાં તમારે વઢવાણ ઊતરવું પડશે. અહીંના જુવાનીયાઓનું કામ ને તેમનો ઉત્સાહ જોઈ તમે ખુશ થશો. અમને તમારી સેનામાં જ્યારે માગશો ત્યારે ભરતી લઈ શકશો.’

મોતીલાલની ઉપર મારી આંખ ઠરી. તેમના બીજા સાથીએ તેમની સ્તુતિ કરતા કહ્યું :

‘આઅ ભાઈ છે તો દરજી. પોતાના ધધામાં કુશળ છે તેથી રોજ એક કલાક કામ કરી દર માસે લગભગ રૂ. ૧૫ પોતાના ખરચ જોગ કમાય છે ને બાકી બધો વખત સાર્વજનિક સેવામાં ગાળે છે. અને અમને બધા ભણેલાને દોરે છે ને શરમાવે છે.‘

પાછળથી હું ભાઈ મોતીલાલના પ્રસંગમં સારી પેઠે આવ્યો હતો, અને મેં જોયું કે તેમની ઉપરની સ્તુતિમાં મુદ્દલ અતિશયોક્તિ નહોતીએ. સત્યાગ્રહાશ્રમ સ્થપાયો ત્યારે તે દર માસે થોડ દહાડા તો ભરી જ જાય.બાળકોને સીવવાનું શીખવે ને આશ્રમનું સીવવાનું કામ પણ કરી જાય. વીરમગામની વાત તો મને રોજ સંભળાવે. મુસાફરોની ઉપર પડાતી હાડમારી તેમને સારુ અસહ્ય હતી. આ મોતીલાલને ભરજુવાનીમાં બીમારી ઉપાડી ગઈ, ને વઢવાણ તેમના વિના સૂનું થયું.

રાજકોટ પહોંચતાં બીજે દિવસે સવારે હું પેલા મળેલા હુકમ પ્રમાણે ઈસ્પિતાલે હાજર થયો. ત્યાંતો હું અજાણ્યો નહોતો.દાક્તર શરમાયા ને પેલા તપાસનાર અમલદારની ઉપર ગુસ્સો કરવા લાગ્યા. મને ગુસ્સાનું કારણ ન લાગ્યું. અમલદારે તો પોતાનો ધર્મ પાળ્યો હતો. તે મને ઓળાખતો નહોતો, ને ઓળખે તોય જે હુકમ કર્યો તે કરવામાં તેનો ધર્મ હતો. પણ હું જાણીતો તેથી રાજકોટમાં મારે તપાસ કરાવવાને બદલે તપાસ કરવા માણસ ઘેર આવવા લાગ્યા. (ક્રમશઃ)

‘સત્યના પ્રયોગો’માંથી સાભાર

જીઆઈપીએસમાં જન્માષ્ટમી ઉજવાઈ

## નાનકડાં કનૈયાઓએ મચાવી મટકીફોડની મનોહર ધમાલ



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના પ્રિ-પ્રાઈમરી વિભાગ દ્વારા જન્માષ્ટમી પર્વની ઉજવણી ઉત્સાહી વાતાવરણમાં કરવામાં આવી હતી. બાળકોએ રાધા-કૃષ્ણની વેશભૂષા ધરીને આ ઉજવણીમાં ભાગ લીધો હતો. શાળા દ્વારા મટકીફોડનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. શિક્ષકોએ શ્રીકૃષ્ણના જીવન વિશે બાળકોને માહિતી આપી હતી.

## આર સી પટેલ સ્કૂલના શિક્ષકો બરોડામાં ટ્રેકિંગ કૅમ્પની મુલાકાતે



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર સી પટેલ સૅકન્ડરી અને હાયર સૅકન્ડરી સ્કૂલના તમામ શિક્ષકમિત્રો અને આચાર્યએ બરોડા સ્થિત ઓરસંગ ટ્રેકિંગ કેમ્પની મુલાકાત લીધી હતી. દિવસભર અહીં અંતાક્ષરી, લુડો, હાઉસી જેવી વિવિધ રમતો રમી તથા સાહસિક પ્રવૃત્તિઓ કરીને શિક્ષકોએ આનંદ માણ્યો હતો.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ભિલોડા તાલુકામાં સેવાકાર્ય







શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ભિલોડા તાલુકાના ગોઢ, રુદ્રાલ તથા ભેટાલી મુકામે કુલ ૧ ૩૦ વૃદ્ધ અને વિધવા બહેનોને ૩ કિગ્રા ચોખા, ચ્હાના પૅકેટ અને સાડીની ભેટ આપવામાં આવી હતી. તાવનાશક ગોળીનું વિતરણ પણ તેમને કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે નવ ગામોમાંથી અહીં લાભાર્થીઓ નિયમિતપણે આવે છે, જેમને સંસ્થા દ્વારા અનાજ અને જરૂરિયાતની ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવે છે. સંસ્થા તરફથી આ સેવાકાર્યમાં માધવભાઈ, મિલિંદભાઈ અને અન્ય કાર્યકર્તાઓ જોડાયા હતા.